# ગડત વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળ લિ.

## <u>સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષની કેરી વ્યવસ્થા અંગેના નિયમો</u>

૧. કેરી લાવનારે કેરી ના તોલમાં મદદ કરવી.
૨. કેરી નોંધ તોલ ઉપર લાવવાના બે દીવસ પહેલાં બપોરે ૧૨=૦૦ થી સાંજે ૭=૦૦ વાગ્યા દરમ્યાન આપવી.
૩. નોંધ વગરની કેરી પાંચ મણ સુધી લાવવાની રહેશે. કેરી ક્રેટમાં જ લાવવાની રહેશે.
૪. તોલ ઉપર લાવવા માટે આપેલી નોંધ કરતાં ૧૦% વધુ યા ઓછી કેરી લાવી શકાશે. આ નિયમનો ભંગ કરનારને બીલની રકમનાં ૧૦% સુધીની રકમ બાદ કરી આપવામાં આવશે.
૫. નોંધાયેલી જાત અને વજન પ્રમાણે જ કેરી લાવવાનો આગ્રહ રાખવો. કુમળી કેરી લાવવી નહીં.
૬. સંજોગવસાત કેરી નોંધ આપ્યા પછી લાવી ન શકાય તો સવારે ૧૨=૦૦ વાગ્યા સુધીમાં વ્યવસ્થાપકને જાણ કરવી. જાણ નહીં કરનારની કેરીની નોંધ ત્રણ દીવસ સુધી નહીં લેવી.
૭. નોંધ વગરની કેરી જરુર જણાયે છેલ્લી તોલવી.
૮. કોઇ પણ સભાસદને તોલ ચાલુ થવા પહેલાં કેરીના ઢગલાં નાંખવા દેવાશે નહી.નોંધાયેલી કેરી સાંજે ૭=૦૦ વાગ્યા સુધીમાં મંડળના કંમ્પાઉન્ડમાં લાવવાની રહેશે.
૯. કેરી જાતવાર અલગ લાવવાની રહેશે. કુટીચાં,દાગી,ખીલ્યા,નાની વણીને અલગ લાવવી તેના જ ભાવો આપવામાં આવશે.
૧૦. કેરીના ક્રેટ ખેડુતના સાધનમાંથી સીધા ભરી લેવા અને તોલ ઉપર મુકવા તે દરમ્યાન કોઇ પણ ક્રેટ ચેકીંગ કરવું ચેકીંગ કરતાં જે પ્રમાણે ક્રેટમાંથી ખરાબ, કુટીચાં,દાગી,ખીલ્યા,કુમળી વિગેરે કેરી નીકશે તેને સપ્રમાણ કાપી કુલ વજનમાંથી કાપવુ. આ વજનનું કિંમતમાં રુપાંતર કરીને તે રકમ બીલમાંથી બાદ કરી આપવી.
૧૧. બપોરે ૧૨=૦૦ વાગ્યે તોલ શરુ કરવું અને સાંજે સમયસર પુરુ કરવા તજવીજ કરવી.કેરી લાવનારે એ માટે મદદરુપ થવુ.
૧૨. આ વિભાગનો સભાસદ ખેડુતની કેરીનાં સ્થાનીક સભાસદ વેપારીઓએ પોતાના વેપારની સમગ્ર કેરી મંડળમાં નોંધ આપી ફરજીયાતપણે લાવવાની રહેશે.
૧૩. બહારના જે ખેડુતોનાં ચીકુ વર્ષ દરમ્યાન મંડળમાં આવેલ છે.એવા ખેડુતોને પોતાની સમગ્ર કેરી મંડળમાં નાખવાની શરતે મંડળમાં લાવવાની પરવાનગી આપવામાં આવશે.
૧૪. કેરીના ક્રેટ માંથી ગમે તે એક ક્રેટ પાણીમાં નાખી કેરીની પરીપક્વતા ચેક કરવામાં આવશે.અપરીપક્વ કેરી લાવનારની કેરીના ભાવો ૨૫% જ આપવામાં આવશે.
૧૫. કેરીની જનરલ નોંધ ૦૫.૦૫.૨૦૧૬ પછી આવેલ હશે તેને વ્યવસ્થાપક સમિતિને યોગ્ય લાગે તે નિયમ લાગુ કરી શકશે.
૧૬. દરેક જાતવાર કેરી ડીંચા તોડી સુકવીને ચીક ના ડાઘા વીનાની પાવડરવાળી (છારીવાળી) લાવનારને સારુ પ્રોત્સાહન આપવામાં આવશે.
૧૭. સંજોગો અને સમય અનુસાર સભાસદો અને સંસ્થાના હીતમાં જરુરી ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થાય ત્યારે યોગ્ય ફેરફાર કરવા તેમજ વ્યવહારીક રીતે ઉકેલ અને અમલ કરવાની સત્તા કેરીના વ્યવસ્થાપકોને આપવામાં આવે છે.